દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

સોમવાર ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬

# અમરિકાએ ટેરિફ વધારતા પડકાર વચ્ચે ભારતે નવી તક શોધવી જોઇએ

અમેરિકા દ્વારા ૧૦૦ ટકા જેટલો ઊંચો ટેરિફ (આયાત જકાત) લાદવાનો નિર્ણય વૈશ્વિક અર્થતંત્રમાં મોટા પાયે ફેરફારો લાવી શકે છે. વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે અમેરિકાનું આ પગલું માત્ર દ્વિપક્ષીય વેપાર સંબંધો સુધી મર્યાદિત ન રહેતાં, વૈશ્વિક પુરવઠા શ્રૃંખલા (સપ્લાય ચેઈન) અને ભારત જેવા ઉભરતા આર્થિક મહાસત્તા દેશ પર બહુવિધ અને ઊંડી અસરો પાડે છે. ભારત માટે આ એક તરફ પડકારજનક પરિસ્થિતિ છે, તો બીજી તરફ કેટલીક નવી તકોના દરવાજા પણ ખોલે છે. ભારત માટે અમેરિકા એ તેનું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. ૧૦૦ ટકા ટેરિફ લાદવાથી અમેરિકી બજારમાં ભારતીય ઉત્પાદનોની કિંમત બમણી થઈ જશે. પરિણામે: આઈટી અને ટેક્નોલોજી: જોકે સેવા ક્ષેત્ર પર ટેરિફની સીધી અસર ઓછી થાય છે, પરંતુ જો અમેરિકી કંપનીઓના ખર્ચ વધશે તો તેઓ આઈટી આઉટસોર્સિંગ બજેટમાં કાપ મૂકી શકે છે, જે ભારતીય આઈટી કંપનીઓને નુકસાન પહોંચાડી શકે છે. કાપડ (ટેક્સટાઈલ), હીરા અને ઘરેણાં ક્ષેત્રે ભારત અમેરિકા પર ખૂબ નિર્ભર છે. કિંમતો વધતાં અમેરિકી ગ્રાહકો ખરીદી ઘટાડશે, જેનાથી ઉત્પાદન ઘટી શકે છે અને રોજગારી પર જોખમ ઊભું થઈ શકે છે. ભારતમાંથી મોટા પ્રમાણમાં જેનરિક દવાઓ અમેરિકા જાય છે. ટેરિફ વધવાથી ભારતીય દવાની કંપનીઓના માર્જિન પર નકારાત્મક અસર પડી શકે છે. ભારતીય જીડીપીમાં નિકાસનો નોંધપાત્ર હિસ્સો છે. જો ૧૦૦ ટકા ટેરિફને કારણે નિકાસ ઘટે છે, તો દેશના એકંદર આર્થિક વિકાસ દર (GDP growth rate)માં ઘટાડો થઈ શકે છે. ઉપરાંત, નિકાસકાર કંપનીઓની આવક ઘટતાં સ્થાનિક બજારમાં મૂડી રોકાણ (Capex) મર્યાદિત બની જશે, જે આર્થિક ગતિવિધિઓને ધીમી પાડી શકે છે. જ્યારે ભારતની નિકાસ ઘટશે, ત્યારે દેશમાં આવતા યુએસ ડોલરનો પ્રવાહ પણ ઓછો થશે. આનાથી ડોલર સામે ભારતીય રૂપિયો નબળો પડી શકે છે. રૂપિયો નબળો પડવાથી ભારતની આયાત (જેમ કે ક્રૂડ ઓઈલ અને ઈલેક્ટ્રોનિક્સ) મોંઘી બનશે, જે દેશમાં મોંઘવારી (Inflation) વધારી શકે છે. જો ૧૦૦ ટકા ટેરિફ સાર્વત્રિક રીતે લાદવામાં આવે, તો તે સમગ્ર વિશ્વમાં “ટ્રેડ વોર” (વેપાર યુદ્ધ) સ્થિતિ સર્જી શકે છે. જોકે, જો અમેરિકા આ ટેરિફ મુખ્યત્વે ચીન પર કેન્દ્રિત કરે અને ભારતને થોડી છૂટછાટ આપે, તો તે ભારત માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. વૈશ્વિક કંપનીઓ ચીન સિવાય ભારત તરફ સ્થળાંતર કરી શકે છે, જેનાથી ભારતનું ‘મેક ઈન ઈન્ડિયા’ અભિયાન મજબૂત બની શકે છે. પરંતુ જો ભારત પર પણ સરખો જ ટેરિફ લાગુ થાય, તો વૈશ્વિક પુરવઠામાં ભારત સ્પર્ધાત્મકતા ગુમાવી શકે છે. દરેક પડકાર પોતાની સાથે તક પણ લાવે છે. આ નિર્ણય ભારતીય નીતિનિર્માતાઓ માટે વિદેશી વેપારની નીતિઓમાં સુધારા કરવાનો સંકેત છે અતિશય અમેરિકા નિર્ભરતા ઘટાડીને ભારતે યુરોપિયન યુનિયન, બ્રિટન, પશ્ચિમ એશિયા અને આફ્રિકન દેશો સાથેના વેપાર સંબંધો અને મુક્ત વેપાર કરારો (FTA) મજબૂત કરવા પડશે. ભારતનું સ્થાનિક બજાર ખૂબ મોટું છે. ઉત્પાદનોને સ્થાનિક બજારમાં સસ્તા દરે ઉપલબ્ધ કરાવીને વેચાણ વધારી શકાય છે. ગુણવત્તા અને કાર્યક્ષમતા: ભારતીય કંપનીઓએ લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડીને ઉત્પાદન ક્ષમતા અને ગુણવત્તામાં સુધારો કરવો પડશે જેથી ઊંચા ટેરિફ છતાં વૈશ્વિક બજારમાં ટકી શકાય. અમેરિકા દ્વારા ૧૦૦ ટકા ટેરિફ લાદવો એ ટૂંકા ગાળા માટે ભારતીય અર્થતંત્ર, નિકાસકારો અને ઉત્પાદન ક્ષેત્ર માટે એક મોટો આંચકો સાબિત થઈ શકે છે. આનાથી રૂપિયા પર દબાણ અને નિકાસ આધારિત ઉદ્યોગોમાં સુસ્તી આવી શકે છે. જોકે, લાંબા ગાળે આ પરિસ્થિતિ ભારતને પોતાના વેપાર ક્ષેત્રને વધુ આત્મનિર્ભર બનાવવાની, નવા વૈશ્વિક બજારો શોધવાની અને આંતરિક ઉત્પાદન ક્ષમતા વધારવાની સુવર્ણ તક પૂરી પાડી શકે છે. યોગ્ય સરકારી નીતિઓ અને વ્યૂહાત્મક રાજદ્વારી સંબંધો દ્વારા ભારત આ આર્થિક પડકારનો સફળતાપૂર્વક સામનો કરી શકે છે. અમેરિકામાં ભારતના ઉત્પાદનનો મોટો હિસ્સો નિકાસ થાય છે તે ખૂબ સાચી વાત છે પરંતુ તેને લીધે ભારત અત્યાર સુધી માત્રને માત્ર અમેરિકા પર નિર્ભર થઇ ગયું છે હવે જો ટેરિફ વધતો જ રહેશે તો નવા દેશો તરફ ભારતે નજર કરવી પડશે એટલે એક વાત એ પણ છે કે આ પડકાર સામે નવી નવી તકો ઉભી થશે.

## આજનો શબ્દ : આકળવિકળ

સંસ્કૃત ભાષાના મૂળ આકુલવ્યાકુલ પરથી આ શબ્દ ઊતરી આવ્યો છે. ગુજરાતી ભાષાના વિકાસક્રમ દરમિયાન પ્રાકૃત અને અપભ્રંશમાંથી પસાર થતાં આ સંયુક્ત શબ્દનું રૂપાંતર લોકબોલીમાં ‘આકળવિકળ’ તરીકે થયું છે. તમે કહી શકો કે સંસ્કૃતના બે સમાન અર્થ ધરાવતા શબ્દો જોડાઈને તે બન્યો છે જેને ભાષાશાસ્ત્રમાં બેવડાયેલું રૂપ - દ્વિર્ભાવ કહેવાય છે.

**આકુલ (આકળ) :** વ્યાકુળ, બેચેન, ગભરાયેલું.

**વ્યાકુલ (વિકળ) :** ઇન્દ્રિયોનું વિકળ થવું, અધીરું કે વ્યાકુળ થવું.

બહુ ગભરાયેલું, મુંઝાયેલું, અધીરું, ચિંતાતુર અથવા બેબાકળું હોય તેને આ વિશેષણ લગાડાતું હોય છે. આપણા કવિ રમેશ પારેખના ગીતની પંક્તિ છે: ‘આકળ વિકળ’ આંખકાન વરસાદ ભીંજવે.’


## પુસ્તકો મળ્યા છે

### ડો. અમિત ગામીના આસ્વાદ-વિવેચન




ડો. અમિત ગામી આમ તો કવિ તરીકે ગઝલ સ્વરૂપમાં કામ કરે છે. ‘પ્રયાસ’ તેમનો વિવેચનસંગ્રહ છે. લલિત ત્રિવેદી, દર્શક આચાર્ય, હરીશ મીનાશ્રુ, જિજ્ઞેશ વાળા, દિનેશ કાનાણી, ભૂપેન્દ્ર રાઠોડ ‘નીલમ’, શ્યામ સાધુ, પીયૂષ ચાવડા, ભાનુપ્રસાદ પંડ્યા, ડો. રવજી ગાબાણી, યોગેશ જોશીના કુલ અગિયાર કાવ્ય (મુખ્યત્વે ગઝલ)સંગ્રહની આસ્વાદાત્મક વિવેચન અહીં વાંચવા મળશે. **પુસ્તક : પ્રયાસ (વિવેચનસંગ્રહ), વિવેચક : ડો. અમિત ગામી, પ્રકાશક : ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ-૩૮૦૦૦૧ કિંમત : ૧૭૦/-**

### રમણીક સોમેશ્વરનો કાવ્યસંગ્રહ



રમણીક સોમેશ્વર આપણા ઉત્તમ કવિઓમાં એક છે. અછાંદસ કવિતામાં વિશેષ કામ કરનારા આ કવિનો નવો કાવ્યસંગ્રહ ‘થોડા પડછાયા’ હમણાં પ્રગટ થયો છે. કુલ ૫૦ કવિતા ધરાવતા આ સંગ્રહની કવિતા તેના વિષય, અભિવ્યક્તિ, આગવી સંવેદના અને તેમાંય સર્જાતા કલ્પનોથી ભાવકોને સમૃદ્ધ કરશે. આજના સમયની વિડંબણા અને મૂંઝારાને વાચા આપતાં આ કાવ્યો રસિકોને અનેખા ભાવજગતની સેર કરાવશે. **કાવ્યગ્રંથ: થોડા પડછાયા કવિ: રમણીક સોમેશ્વર પ્રકાશક: ઝેન ઓપસ, અમદાવાદ-૩૮૦૦૦૯ કિંમત: રૂ. ૨૨૫/-**

### મધુસૂદન એમ. વ્યાસનો મહાશોધ ગ્રંથ ‘શૈવ ઉપનિષદો’



યુનિવર્સિટીમાં થતા મહાશોધ નિબંધ અત્યારે શંકાના ઘેરામાં છે. જો એ બધા પ્રગટ થાય તો એ મહાશોધકો, તેમના ગાઈડ, વાઈવા લેનાર અને યુનિવર્સિટીઓનું આવી બને. સંસ્કૃતમાં મહાશોધ થાય તો ઉત્તમ કહીએ કારણ કે એ ક્ષેત્રમાં કામ કરનારા ઓછા છે. ડો. મધુસૂદન એમ. વ્યાસનો ‘શૈવ ઉપનિષદો: એક સમીક્ષાત્મક અધ્યયન’ એક એવો ગ્રંથ છે જે શૈવ ઉપનિષદોનું સંશોધન શિવતત્ત્વની ખોજ બને છે. ચૌદ જેટલા શૈવ ઉપનિષદો છે ને તેનું તત્ત્વચિંતન અહીં થયું છે. **પુસ્તક : શૈવ ઉપનિષદો સંશોધક-અભ્યાસી : ડો. મધુસૂદન એમ. વ્યાસ પ્રકાશક : ડો. મધુસૂદન એમ. વ્યાસ, શ્રી કે. આર. કટારા આટ્‌ર્સ કોલેજ પો: શામળાજી-૩૮૩૩૫૫ કિંમત : રૂ. ૩૬૦/-**

# પતિ-પત્નીનાં લાગણીભર્યા સંબંધને સમય સૂકવી પણ શકે છે




અક્ષરની આરાધના

સંપાદન: બકુલ ટેલર

શરદબાબુ મૂળ તો બંગાળના, પણ ગુજરાતીમાં એવા લોકપ્રિય થયા કે પછી તેમની કૃતિના નબળા અનુવાદ પણ વાચકોને નડતા નહીં. આ રીતે વિ.સ. ખાંડેકરની નવલકથાઓ પણ ખૂબ લોકપ્રિય થઈ. રવીન્દ્રનાથ ટાગોર માત્ર નવલકથાકાર નથી અને તેમણે જે સ્વરૂપમાં લખ્યું અને તેમના વિષે જે લખાયું તે બધું જ અનુવાદ પામી ગુજરાતીઓનો પ્રેમ પામ્યું. પ્રેમચંદનો પણ સ્વીકાર થયો. વીત્યાં થોડાં વર્ષોમાં એવો પ્રબળ સ્વીકાર થયો હોય તો સુધા મૂર્તિનો. તેમનાં ‘મનની વાત’ શ્રેણીનાં પુસ્તકો તો ખૂબ વેચાયાં, પણ ‘ડોલર વહુ’, ‘દ્વંદ્વ’, ‘મહાશ્વેતા’ અને ‘બોરસલ્લીની પાનખર’ જેવી નવલકથાઓ પણ એવી જ લોકપ્રિય રહી. ‘બોરસલ્લીની પાનખર’ની પ્રથમ આવૃત્તિ ૨૦૦૬માં પ્રગટ થયેલી. ૨૦૨૫માં તેનું ૧૨મું પુનર્મુદ્રણ થયું. કુલ પ્રતિ ૧૫,૨૫૦. ગુજરાતીના કોઈ પણ લેખકને ઈર્ષા આવે, કારણ કે તેમના બધા જ અનુવાદિત ગ્રંથોનું વેચાણ તો બે લાખ પ્રતિ સુધીનું છે. નારાયણ મૂર્તિ જેવા અબજોપતિ ઉદ્યોગપતિ, ઈન્ફોસિસના સ્થાપક,નાં તેઓ પત્ની છે અને તેઓ પણ ઈન્ફોસિસ ફાઉન્ડેશનનાં અધ્યક્ષ છે. મૂળ કર્ણાટકનાં, પણ કન્નડ અને અંગ્રેજી સાહિત્યમાં તેમનો આંખો ચમકાવે તેવો ફાળો છે. તેમનાં પુસ્તકો જે ભાષામાં અનુવાદ પામ્યાં તેમાં લોકપ્રિય થયાં. હમણાં બાળકો માટે તેમણે જે પુસ્તકો લખ્યાં તે પણ ગુજરાતમાં ખૂબ વેચાય છે.

‘બોરસલ્લીની પાનખર’ ૧૨૮ પૃષ્ઠની નવલકથા છે. સુધા મૂર્તિના પુસ્તકોના અનુવાદક તરીકે સોનલ મોદીને ખૂબ પ્રતિષ્ઠા મળી છે અને તેઓ જ આ કૃતિના અનુવાદક છે. સુધા મૂર્તિ સોનલ મોદી વિશે લખે છે કે, ‘મિત્ર હોવાને નાતે મારા મનનાં ઊંડાણોને તે સમજીને લખતી હોય તેવું મને તથા વાચકોને લાગે છે. તેથી જ આ નવલકથા મેં સહજપણે ગુજરાતીમાં સર્જી હોય તેવું લાગે છે.’ સોનલ મોદીએ મૂળ કૃતિનો ભાવાનુવાદ કર્યો છે અને મૂળ લખાણને વફાદાર રહી પાત્રો, સ્થળ, કાળ બધામાં ગુજરાતીતા પ્રવેશે તેની નિસબતપૂર્વકની કાળજી લીધી છે.

‘બોરસલ્લીની પાનખર’ની લોકપ્રિયતાનું કારણ તેનો પોતાનો લાગે એવો પરિવેશ છે. પતિ-પત્નીની વાત છે, પણ આરંભે એક પ્રેમકથા સ્વરૂપે છે અને આગળ વધતાં જતાં લગ્નજીવનમાં આવતા ખાલીપા સુધીની યાત્રા કરે છે. સુધા મૂર્તિ ફેમિનિઝમની વાત કર્યા વિના, કમિટેડ નવલકથાની વાત કર્યા વિના લગ્નજીવનની અનેક પ્રકારની સંવેદના અને સંબંધની પરસ્પરતા રચી ચુપચાપ લગ્નજીવન વિશેના એવા તબક્કામાં પ્રવેશ કરાવે છે કે વાચક તેની સાથે આત્મપ્રવેશ કરી શકે. ઘરની પાછળનું બોરસલ્લીનું વૃક્ષ સંધ્યા-સુનીલનાં સંબંધના બધા તબક્કાઓનું સાક્ષી છે. બોરસલ્લીનાં નાનાં ફૂલ સુકાયા પછી પણ તેની સુગંધ લાંબા સમય સુધી તેની સુગંધ ગુમાવતાં નથી. આ વૃક્ષ સંધ્યા-સુનીલના સંબંધનું પ્રતીક બને છે.



**પુસ્તક:** બોરસલ્લીની પાનખર (નવલકથા)
**લેખક:** સુધા મૂર્તિ **ભાવાનુવાદ:** સોનલ મોદી
**પ્રકાશક:** આર.આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., અમદાવાદ-૩૮૦૦૦૧ **કિંમત: રૂ. ૧૫૦/-**

આ નવલકથા નિમિત્તે સુધા મૂર્તિ દામ્પત્યજીવન અને વ્યક્તિ તરીકેની સંવેદનાના પ્રશ્નો પણ ઊભા કરે છે, પણ કોઈ બૌદ્ધિક રીતે નહીં, સંબંધના સમભાવી સાથી તરીકે. પતિના અસ્તિત્વમાં ઓગળી જવાની લક્ષ્મણરેખા ક્યાં દોરવી તે સ્ત્રીએ જ નક્કી કરવાનું છે એવા વિચાર તરફ નવલકથા સ્થિર થાય ત્યારે વાચક તેના સહભાગી તરીકે વિચાર કરતો થઈ જાય છે. નવલકથાની નાયિકા સંધ્યા એટલી બધી ગુજરાતી લાગે છે કે અનુવાદકે કૃતિની ભાષા જ નહીં, પાત્રોના ગુજરાતીપણાનો પણ અનુવાદ કર્યો છે અને આમ બનવાનું કારણ મૂળ કૃતિની લવચિકતા-ફ્લેક્સિબિલિટી છે. કૃતિમાં સંધ્યાને પ્રશ્ન કરાય છે, ‘તું યુ.એસ.માં ભણી હોઈશ?’ સંધ્યાનો જવાબ છે, ‘ના. હું તો ગુજરાતમાં જ ભણી છું. મોટા ભાગનો અભ્યાસ તો મારા જન્મસ્થળે જ થયો છે!’ તો પતિ-પત્ની વચ્ચેના એક સંવાદમાં સંધ્યા તેની પીડા વ્યક્ત કરે છે, ‘સુનીલ, આજે હું તને ક્યાંયે નહિ જવા દઉં. તું તારા કામ સિવાય બીજું કાંઈ વિચારી શકે છે ખરો? તું હોશિયાર હોઈશ, પણ તારામાં લાગણીનો છાંટોય નથી. તું તદ્દન સ્વાર્થી છે. તારી સત્તા, તારી કંપની અને તારી મા. મારો તેં એક માનવી તરીકે ક્યારેય સ્વીકાર જ નથી કર્યો. મને પણ હરખ, શોક, સુખ, દુઃખની લાગણીઓ થાય છે. હું મશીન નથી.’ આ સંઘર્ષની ક્ષણો છે, પણ મજાની વાત એ છે કે સુનીલ પુરુષસહજ પ્રતિક્રિયા તો આપે છે, પણ સમવાદ ચૂકતો નથી. અને તેથી છેલ્લે તે સ્વીકારે છે, ‘સંધ્યા, હું તારા વગર અધૂરો છું. મેં તને ખૂબ અન્યાય કર્યો છે.’

કથાનો પરિવેશ મુંબઈનો છે અને તે આ બંને પાત્રોના વર્તમાન સમયના પ્રશ્નોની પણ ભૂમિ બને છે. આખી નવલકથા અત્યંત સાહજિકતાથી આલેખાયેલી છે અને તેના કારણમાં અનુવાદક પણ છે. ગુજરાતી વાચકો આજે પણ નવલકથા વાંચે છે તેના કારણમાં વીનેશ અંતાણી, ધ્રુવ ભટ્ટ વગેરે હશે તો સુધા મૂર્તિ પણ છે. તેઓ એવી પોપ્યુલર બ્રાન્ડ બની ગયાં છે કે તેમના પુસ્તકોનાં મુખપૃષ્ઠ પર કૃતિના શીર્ષકથી મોટા ટાઈપમાં લેખિકાનું નામ અંકિત હોય છે.

લોકપ્રિય નવલકથા કેવી રીતે લખાતી હોય છે તેની ચર્ચા કરવાની હોય તો ર.વ. દેસાઈ, ગુણવંતરાય આચાર્ય, કનૈયાલાલ મુનશી, પન્નાલાલ પટેલ, રઘુવીર ચૌધરી, વર્ષા અડાલજા, વીનેશ અંતાણી, ધ્રુવ ભટ્ટ, હરકિસન મહેતા, અશ્વિની ભટ્ટ, દિનકર જોશી વગેરે સાથે સુધા મૂર્તિની લેખનશૈલીનો પણ વિચાર જરૂરી છે. બાર પુનર્મુદ્રણ પામેલી કૃતિ વિશે લખવાનું કારણ એ જ કે વાચકોમાં લોકપ્રિયતા મેળવવી આપોઆપ એક વિવેચન છે.

# આયન રેન્ડની નવલકથા વાંચો, આફ્રીન પોકારી જશો

**આયન રેન્ડ જેમના પુસ્તકોની અઢી કરોડ નકલો ખપી ગઇ છે તેના એટલાસ શ્રગ્ડ અને ધ ફાઉન્ટન હેડ નવલકથા વાંચી જોજો....**

જેને બહુ મોટી રેન્જની નવલકથા કહેવાય. ગુજરાતી ભાષા અને સમાજની સીમા ઓળંગી રાષ્ટ્ર અને તેના માનવ સમાજની બની શકે એવી નવલકથા ક્યારેક જ શક્ય છે. વિશ્વના કેટલાક અંગ્રેજી નવલકથાકારોએ તે સિદ્ધ કર્યું. જેમ્સ હેડલી ચેઝ, અગાથા ક્રિસ્ટી, જ્યોર્જ સિમેનોન વગેરે તે રીતે ખરા, પણ તેનાથી સાવ જુદા અને વર્તમાન વિશ્વની સમસ્યા લઈને પણ નવલકથાઓ લખાઈ. એનો એક લાંબો ઈતિહાસ તો એવી નવલકથાના રસિક વાચક અને અભ્યાસ જ આપી શકે. પણ જેમ અગાઉ સિડની શેલ્ડનનો અહીં પરિચય કરાવાયેલો તેમ રશિયન-અમેરિકન લેખક આયન રેન્ડની 1957માં લખાયેલી ‘એટલસ શ્રગ્ડ’ નવલકથાનો પણ પરિચય કેળવવો જોઈએ. આયન રેન્ડે તેમના જીવનકાળમાં લખેલી સૌથી લાંબી નવલકથા છે અને તેમાં વિજ્ઞાનકથા, રહસ્ય અને રોમાન્સનાં તત્ત્વો ભરેલા છે. ઉપરાંત તેમાં દર્શનશાસ્ત્રનાં જે તત્ત્વો છે તે તેને લોકપ્રિય ક્લાસિકનો દરજ્જો અપાવે છે. 1168 પૃષ્ઠની તેની પહેલી આવૃત્તિ પ્રગટ થઈ ત્યારથી વાચકોમાં સતત ફેલાતી રહી છે. ન્યૂયોર્ક ટાઈમ્સ બેસ્ટસેલર લિસ્ટમાં તે શરૂઆતમાં 3 જ દિવસમાં 13મા ક્રમે આવી ગયેલી અને થોડા જ મહિનામાં ત્રીજા ક્રમે આવ્યા પછી એ જ ક્રમે 22 અઠવાડિયા રહેલી. 1984માં તે પાંચ લાખ નકલ સુધી પહોંચી, પણ 2009માં ય તે 5,00,000 નકલ અને 2011માં ય 4,45,000 નકલ તો 2022માં 10 લાખ નકલ વેચાયેલી.

રશિયાના સેન્ટ પીટર્સબર્ગમાં 1905ની બીજી ફેબ્રુઆરીએ જન્મેલા આયન રેન્ડ 1982ની 6 માર્ચે અમેરિકાના ન્યૂયોર્કમાં અવસાન પામેલા ત્યારે તેમના નામે ‘વી ધ લિવિંગ’, ‘એન્થમ’, ‘ધ ફાઉન્ટનહેડ’, ‘એટલસ શ્રગ્ડ’ જેવી નવલકથાઓ ચઢી ચૂકી હતી અને ‘ધ ફાઉન્ટનહેડ’ પણ જબરજસ્ત લોકપ્રિય રહેલી. રેન્ડે તો નાટક પણ લખ્યાં છે અને ફિલ્મો માટે પટકથાઓ પણ લખી છે. તેમના નોન-ફિક્શનનાં ગ્રંથો પણ ખૂબ વંચાયા છે. આયન રેન્ડ પર પણ ઘણાં પુસ્તકો લખાયાં છે. રેન્ડના પતિ ફ્રાન્ક ઓ’કોનર પણ વિખ્યાત અભિનેતા અને ચિત્રકાર હતા. આયન રેન્ડે રશિયામાં રાજકીય સંઘર્ષનો અનુભવ કરેલો અને અમેરિકા જીવવાનું પસંદ કરેલું. 1926માં તે ન્યૂયોર્ક પહોંચી અને ધીરે ધીરે હોલીવુડમાં પટકથા લેખનને કારકિર્દી બનાવી. 1929માં તેઓ ઓ’કોનરને પરણ્યાં અને ઓ’કોનરના મૃત્યુ સુધી એટલે કે 50 વર્ષ સુધી એ લગ્નજીવન ટકેલું. 1935માં ‘ધ ફાઉન્ટનહેડ’ લખવાની શરૂઆત કરી, જેમાં આર્કિટેક્ટ (સ્થપતિ) હોવર્ડ રોઆર્કને પાત્ર તરીકે હીરો બનાવ્યો. એક એવો આદર્શ વ્યક્તિ, જે તે થઈ શકે તેમ છે અને થવો જોઈએ. એ નવલકથા છાપવા માટે કોઈ તૈયાર ન હતું. 12 પ્રકાશકોએ ના પાડ્યા પછી 1943માં



પ્રકાશિત થઈ અને બે જ વર્ષમાં બેસ્ટસેલર બની ગઈ. 1946માં ‘એટલસ શ્રગ્ડ’ લખવા માંડી, જે તેની આખરી કાલ્પનિક નવલકથા હતી, જેમાં તેમણે પોતાની સાવ અલગ ફિલસૂફીને એક એવા માનસિક રહસ્યમયી લોકમાં ફેરવી નાખી, જેમાં નીતિશાસ્ત્ર, તત્ત્વમીમાંસા, જ્ઞાનમીમાંસા ઉપરાંત રાજનીતિ, અર્થશાસ્ત્ર અને સેક્સ પણ છે. (ગુજરાતી યા ભારતીય નવલકથા આવી ઉડાન સિદ્ધ કરી શકે છે ખરી?) આયન રેન્ડનાં પુસ્તકોની આજે પણ હજારોની સંખ્યામાં નકલો વેચાય છે. આજ સુધીમાં તેમના વેચાયેલા પુસ્તકોની સંખ્યા 2.5 કરોડથી વધુ છે. તેમની નવલકથાઓએ અમેરિકન સંસ્કૃતિમાં એક નવા દાર્શનિક આંદોલનને જન્મ આપ્યો છે.

આયન રેન્ડની ‘ધ ફાઉન્ટનહેડ’ અને ‘એટલસ શ્રગ્ડ’ ખાસ વાંચવી. પાણીમાં પહેરવાના ચશ્માને ફાઉન્ટનહેડ કહેવાય છે. હાવર્ડ રોર્ક જાણીતી કોલેજમાં આર્કિટેક્ચરના વિદ્યાર્થી છે, જેને એટલા માટે કોલેજમાંથી કાઢી મૂકવામાં આવે છે કે તેણે જે ઈમારતોના નકશા અને ડિઝાઈન બનાવ્યા હોય છે તે પ્રથાથી સાવ જુદા છે. પણ તેને વિશ્વાસ છે કે ઈમારતો તેના સ્થાન, સામગ્રી અને પ્રયોગના હિસાબે સરળ અને સુંદર હોવી જોઈએ. તે આર્કિટેક્ચરના બનેલા નિયમો, શાસ્ત્રોને ફગાવી દે છે. આગળ જતાં તે ખૂબ જ જાણીતો અને સફળ આર્કિટેક્ટ પુરવાર થાય છે. આ નવલકથાની અંદરની સામગ્રી તો અપાર છે અને અદાલત તેને ગુનેગાર માને છે ત્યારે મોટી લડાઈ પણ લડવી પડે છે, પણ છેવટે તેને વિશ્વની સૌથી ઊંચી ઈમારત બનાવવાનું કામ સોંપવામાં આવે છે.

‘એટલસ શ્રગ્ડ’ પરથી તો ત્રણ ફિલ્મોની શૃંખલા બની છે. આ નવલકથા વસ્તુવાદ અને મુક્ત બજાર, મૂડીવાદનું સમર્થન કરે છે. પણ મુખ્ય વિષય છે મનુષ્યના અસ્તિત્વમાં મન એટલે કે બુદ્ધિની ભૂમિકા. રેન્ડ માને છે કે તર્કશક્તિ અને રચનાત્મકતા જ માનવીય પ્રગતિના મૂળમાં છે. નવલકથામાં ભવિષ્યના એવા અમેરિકાની કલ્પના થઈ છે, જેમાં સરકારનું નિયંત્રણ ખૂબ જ વધી જાય છે અને અર્થવ્યવસ્થા કકડભૂસ થવામાં છે. ને ત્યારે દેશના સૌથી વધારે પ્રતિભાશાળી વૈજ્ઞાનિકો, વિચારકો એટલા માટે ગાયબ થવા અને હડતાળ પર ઉતરે છે. લાગે છે કે તેમનું શોષણ અને અપમાન થઈ રહ્યું છે. ડેગ્ની ટેગાર્ડ નામની એક રેલવે કર્મચારી અને હેન્ક રીઅર્ડન નામનો પાના-પેચિયા જેવા સાધનો બનાવનાર ઉદ્યોગપતિ આ કકડભૂસ થતી અર્થવ્યવસ્થા વચ્ચે ટકી રહેવાનો સંઘર્ષ કરે છે અને તેમાં જ્હોન ગિલ્ટ નામના રહસ્યમય પાત્રની મુખ્ય ભૂમિકા છે. આખી નવલકથા સામૂહિકતા અને પરોપકારના નામે જે દમન થઈ રહ્યું છે તેની તીખી ટિપ્પણી કરે છે અને આત્મનિર્ણયના અધિકારનું સમર્થન કરે છે. ક્યારેક તક મળે તો આવી નવલકથાને વાંચવી જોઈએ અને નવલકથાકારને જાણવા જોઈએ. આપણી રેન્જ વધારવા રેન્ડ જરૂરી છે.

## હું પૂછું, તમે કહો

*આપણે ગુજરાતી ભાષા- સાહિત્ય - શબ્દ-વ્યાકરણમાંથી અહીં પાંચ પ્રશ્નો પૂછીએ છીએ. આ પ્રશ્નોત્તરનો હેતુ ગુજરાતી સાહિત્ય વિશે અનેક સંદર્ભોથી જાણો તે છે. પણ ગુજરાતી સાહિત્ય જ શા માટે? આપણો વાચક તો ભારતીય ભાષામાં રચાતા સાહિત્યને પણ, ક્યારેક સીધું ક્યારેક અનુવાદ રૂપે વાંચે છે. વિદેશી સાહિત્ય પણ વાંચે છે.*

*તો હવે આ પ્રશ્નોત્તરમાં રાષ્ટ્રના પ્રાદેશિક સાહિત્ય ઉપરાંત વિદેશી સાહિત્યમાંથી પણ પ્રશ્નો ઉમેરીએ છીએ જેથી આપણા વાચકની જાણકારી વધે.*

**૧ ‘ખેલંદો’ નામનું નાટક એન્થની શેફરનાં ‘સ્લૂથ’ (Sleuth) આધારિત હતું જેનું રૂપાંતર મધુરાયે કરેલું, પ્રવીણ જોષીના દિગ્દર્શનમાં ભજવાયેલું. એન્થની શેફરના જ ભાઈ પિટર શેફરના ‘ઈક્વસ’ પરથી પણ ગુજરાતીમાં નાટક ભજવાયેલું જેનું રૂપાંતર સિતાંશુ યશશ્ચંદ્રે કરેલું. પરેશ રાવળની જબરદસ્ત ભૂમિકા હતી. એ નાટકનું નામ?**

ક) મહારથી ખ) ખૂન્નસ
ગ) તોખાર ઘ) એક સપનું બહુ શૈતાની

**૨ જે. સુધામૂર્તિનાં પુસ્તકો ગુજરાતી અનુવાદરૂપે ખૂબ વંચાય છે એ સુધામૂર્તિ મૂળ ક્યાંના છે?**

ક) કર્ણાટક ખ) તમિલનાડુ
ગ) કેરળ ઘ) તેલંગણા

**૩ ગુજરાતી ભાષાનાં લેખકો બીજા દેશો કે ભારતના પ્રદેશોમાં વસતા હોય એવાં ઉદાહરણ અનેક છે. ઉત્તમ ગીતો લખનારા પ્રદ્યુમ્ન તન્ના કયા દેશમાં વસતા હતા?**

ક) પોલેન્ડ ખ) ઈટાલી
ગ) દક્ષિણ આફ્રિકા ઘ) કેનેડા

**૪ ‘જય આદ્યાશક્તિ...’ આરતીને એક ભજનગાયક તરીકે ખૂબ જ લોકપ્રિય કરનાર ગાયકનું મૂળ નામ ઈબ્રાહીમ કરીમ સુમરા છે પણ તેઓ જાણીતા તો બીજા નામે છે. એ નામ કયું?**

ક) શિવાનંદ સ્વામી ખ) નારાયણ સ્વામી
ગ) હેમંત ચૌહાણ ઘ) અભરામ ભગત

**૫ મરાઠીમાં ખૂબ જ લોકપ્રિય ‘એકચ પ્યાલા’ નાટકના લેખક રામગણેશ ગડકરી કે જે મહારાષ્ટ્રના ‘શેક્સપિયર’ તરીકે ઓળખાતા તે ગુજરાતમાં જન્મેલા. કહો કયા ગામ કે નગરમાં?**

ક) નવસારી ખ) વડોદરા
ગ) જેતપુર ઘ) જૂનાગઢ

જવાબ: ૧-ગ, ૨-ક, ૩-ખ, ૪-ઘ, ૫-ક

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### જીવનનું આયોજન

સફળતાની ટોચ ઉપર સ્થિત પ્રત્યેક મહાપુરુષોના જીવનનો એક માત્ર શ્રેષ્ઠ સંદેશ એટલે ‘જીવનનું આયોજન’. કારકિર્દી હોય કે નોકરી, અભ્યાસ હોય કે તાલીમ,સંબંધો હોય કે આર્થિક ઉપાર્જન. જીવનના પ્રત્યેક પાસાઓ માટે આયોજનની તૈયારી સાથે સજ્જ અને તેના અમલ માટે કાર્યરત રહેતા માનવીને ક્યારેય પછડાટનો સામનો કરવો પડતો નથી. જ્યારે કોઈ પણ પ્રકારના આયોજન વિના અર્થાત્ દિશાવિહીન જીવન જીવતા માનવીને જીવનમાં સમય અને સુખ બન્નેનો અભાવ સતાવે એ સહજ છે.

**સુરત - દિપ્તી ટેલર**

### રણજીમાં સૌથી વધુ વિકેટ લેનાર લેગ સ્પિનર - રાજિન્દર ગોયલ

પટિયાલા, દક્ષિણ પંજાબ, દિલ્હી અને હરિયાણા ચાર રાજ્યોમાંથી ભારતની પ્રથમ કક્ષાની 157 રણજી ટ્રોફી મૅચો રમનાર અને વિક્રમી 637 વિકેટ ઝડપનાર ડાબોડી લેગ સ્પિનર રાજિન્દર ગોયલનો જન્મ 20/9/1942ના રોજ થયો હતો. કોચ કિશન દયાલના આ શિષ્યે શાળાકીય સ્તરે સુંદર રમત બતાવતા 1958માં પટિયાલા તરફથી રણજી ટ્રોફી રમવાનું શરૂ કર્યું હતું. પછી દક્ષિણ પંજાબ, 1963માં દિલ્હી અને 1973માં હરિયાણાની ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું. 1964-65ની સિઝનમાં તેમણે સિલોન સાથેની બિનસત્તાવાર ટેસ્ટમાં 33 રનમાં 4 વિકેટ લીધી હોવા છતાં, કાયમ બિશનસિંહ બેદીની મજબૂત દાવેદારીના કારણે વિક્રમી વિકેટો લેવા છતાં તેઓ ટેસ્ટ રમી શક્યા નહોતા. પ્રથમ કક્ષાની મૅચોમાં 39,929 દડા નાખીને તેમણે કુલ 750 વિકેટ લીધી હતી, જેમાં 55 રનમાં 8 વિકેટ તેમનું શ્રેષ્ઠ પ્રદર્શન હતું. તેમણે 59 વખત 5 વિકેટ અને 18 વાર 10 વિકેટ ઝડપવાની સિદ્ધિ મેળવી હતી. બોલિંગ કરતી વખતે બેટ્સમેનની આંખમાં આંખ પરોવી ફ્લેટર ટ્રેજેક્ટરીથી દડો ફેંકતા ગાવસ્કર પણ તેમની સામે આગળ વધીને ડ્રાઈવ નહોતા કરી શકતા. હરિયાણા અને ભારતની જુનિયર ટીમના સિલેક્ટર રહેલા ગોયલ એસબીઆઈના કર્મચારી પણ હતા. તેમનું અવસાન 21/6/2020ના રોજ 78 વર્ષની વયે થયું હતું.

**સુરત - સુરેન્દ્ર દલાલ**

### બાળકોના ખોરાકમાં ખાંડનું પ્રમાણ

આજના સમયમાં પેકેજ્ડ ફૂડ, સોફ્ટ ડ્રિંક્સ અને ચોકલેટના કારણે બાળકો ખૂબ મોટી માત્રામાં છુપી ખાંડ (Hidden Sugar) ખાઈ રહ્યા છે, જે તેમના સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે. ગુજરાત માધ્યમિક અને ઉ.માધ્યમિક શિક્ષણબોર્ડ આ બાબતે તમામ સ્કૂલોને બાળકોમાં જાગૃતિ લાવવાની સૂચના આપી છે જે આવકારદાયક છે.ખાંડની વધુ પડતી કેલરીથી નાની ઉંમરે વજન વધે છે અને ભવિષ્યમાં ટાઈપ-૨ ડાયાબિટીસ તેમજ હૃદય રોગનું જોખમ વધે છે. મોંમાં બેક્ટેરિયા વધે છે, જે દાંતમાં કેવિટી પેદા કરે છે. વધુ ખાંડ ખાવાથી બાળકની રોગપ્રતિકારક શક્તિ ઘટે છે. બાળકને ખાંડને બદલે મર્યાદિત માત્રામાં ગોળ, મધ, ખજૂર કે તાજા ફળો, બજારના બિસ્કિટ-કેકને બદલે ઘરે બનાવેલા મખાના, સુકામેવા કે પૌષ્ટિક નાસ્તા, પેકેજ્ડ જ્યુસ અને કોલ્ડ ડ્રિંક્સને બદલે લીંબુ પાણી, નાળિયેર પાણી કે છાશ આપવાની ટેવ પાડવી જોઈએ.જો વડીલો ઘરમાં ગળ્યું ખાવાનું ઓછું કરશે, તો બાળકો આપોઆપ તે આદત અપનાવશે. માત્ર શાળામાં જ નહીં, ઘરમાં પણ બાળકોના સ્વાસ્થ્યની કાળજી લેવાય તે જરૂરી છે.

**સુરત -સુનીલ શાહ**

### પ્રાણપ્રશ્નોનો યોગ્ય નિકાલ

છેવાડાના માનવીનો વિકાસ સાચી લોકશાહીનો પાયો છે. કોઈપણ વ્યક્તિની સફળતામાં અનેક લોકોનો ફાળો હોય છે. લોકશાહીમાં લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓની ફરજ છે કે તેઓ પ્રજાના પ્રાણપ્રશ્નોનો યોગ્ય નિકાલ લાવે. સરકારના પ્રતિનિધિ તરીકે દરેક જિલ્લામાં કલેક્ટરની નિમણૂક કરવામાં આવે છે, જેથી લોકોના પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય. કોઈ પ્રશ્નનો નિકાલ ન થાય ત્યારે નાગરિકો કે સંસ્થાઓ જિલ્લા વડા તરીકે કલેક્ટરને આવેદનપત્ર આપી શકે છે. સરકારના પરિપત્ર મુજબ મહિનાના દર સોમવારે અને ગુરુવારે અધિકારીઓએ જાહેર જનતાને મળવાની વ્યવસ્થા કરવામાં આવે છે. જે લોકો પોતાના પ્રશ્નોની રજૂઆત કરવામાં સક્ષમ છે તેઓ જાતે રજૂઆત કરે છે, જ્યારે કાયદાથી અજાણ લોકો એજન્ટ કે વકીલ મારફત રજૂઆત કરતા હોય છે. પરંતુ આ બે દિવસ સિવાય કચેરીના કર્મચારીઓ કે અધિકારીઓને મળવામાં મુશ્કેલી પડે તેવી વ્યવસ્થા યોગ્ય નથી. પોતાના પ્રશ્નોના ઉકેલ માટે વારંવાર અધિકારીને મળવું કોઈ ગુનો નથી. મામલતદાર કક્ષાના અધિકારીઓને પણ પ્રોટોકોલની ફરજ હોય છે, પરંતુ અંતે તો લોકોના પ્રશ્નો રજૂ થશે તો જ વહીવટી તંત્રનું કામકાજ સુચારુ રીતે ચાલશે. સામાન્ય નાગરિકને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે દરેક કચેરીમાં જાણકાર અધિકારીની નિમણૂક કરવી જોઈએ. દેશનો વિકાસ ત્યારે સાચા અર્થમાં દેખાશે, જ્યારે સામાન્ય માનવીને પણ પોતાના દેશ પ્રત્યે ગૌરવ અને જોડાણનો અનુભવ થશે.

**સુરત - ચન્દ્રકાન્ત રાણા**

### સિંગાપોર સરકારનો નૂતન પ્રયોગ

આજે આપણી દુનિયા ડિજિટલ બની ગઈ છે. પરિણામે આપણું વાંચન ઓછું થઈ ગયું છે. આજે સૌ કોઈ મોબાઈલ પર પોતાનો સમય પસાર કરે છે. મોબાઈલ પર માહિતી અને મનોરંજનની ભરમાર છે, તેથી સ્વાભાવિક છે કે લોકો સ્ક્રીન પર વળગેલા રહે છે. તેમાં વિદ્યાર્થીઓ અને નાના બાળકો પણ બાકાત નથી. આથી સિંગાપોરની સરકારે સ્ક્રીનની લતથી છુટકારો મેળવવા નેશનલ રીડિંગ મિશન હેઠળ પુસ્તકો વાંચનારાઓને સરકાર તરફથી પૈસા આપવામાં આવી રહ્યા છે. તેના માટે દરરોજ ૧૫ મિનિટથી વધુ વાંચવું જરૂરી છે. દુનિયાભરમાં બાળકોની વાંચન ક્ષમતામાં ઘટાડો થઈ રહ્યો છે. સતત સ્ક્રોલિંગના કારણે બૌદ્ધિક ક્ષમતા તથા મનન-ચિંતનમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. સિંગાપોરની સરકારે એક નવતર પ્રયોગ કરીને વિદ્યાર્થીઓમાં વાંચન ક્ષમતા વધારવાના પ્રયાસરૂપે ઈનામો આપવાની શરૂઆત કરી છે. આજે વાંચન સતત ઓછું થતું જાય છે. આપણે ત્યાં પણ નવા-નવા પુસ્તકો બજારમાં ઠલવાઈ રહ્યા છે, તેમ છતાં આપણી વાંચન ક્ષમતા ઓછી થવા લાગી છે. આપણે મોબાઈલને મિત્ર બનાવ્યો છે, તેની જગ્યાએ પુસ્તકને મિત્ર બનાવવું જોઈએ. પરંતુ એવું થતું નથી. લોકોને વાંચન માટે પ્રોત્સાહિત કરવા આવો પ્રયોગ કરીને સિંગાપોર સરકારે એક સારું ઉદાહરણ પૂરું પાડ્યું છે. લોકો ઈનામની લાલચે પણ થોડું વાંચતા થાય તે જરૂરી છે.

**નવસારી - હિતેન્દ્ર ટેલર**

### મનુષ્યોની સલામતી કે સુખાકારીની કોઈને પરવાહ નથી

ભાઈ બીરેન કોઠારીનો ‘ફિર દેખો યારોં’ લેખ વાંચીને લખવા પ્રેરાયો છું. છેક ૮ ઓગસ્ટે, ગણેશ ચતુર્થીના સવા મહિના પૂર્વે, નવસારીમાં કવિ સંમેલન પતાવી બારડોલી પરત ફરતો હતો ત્યારે રાત્રે નવ વાગ્યે મુખ્ય માર્ગ પર ગણેશજીનું આગમન થઈ રહ્યું હતું. એ આગમને ટ્રાફિક જામ કરી દીધો હતો. ઉત્સવો ઉજવવા જ જોઈએ, પરંતુ લોકોની સુખાકારીના ભોગે નહીં. મહિના પૂર્વે જ મંડપો લાગી જાય છે. અસંખ્ય કદાવર પ્રતિમાઓ લાવીને લોકો સાબિત શું કરવા માંગે છે? ઠેરઠેર ગજાનન જોવા મળે છે. હવે તો શાળાઓમાં પણ ગણેશજીની પ્રતિમા સ્થાપિત થાય છે. ગ્રાન્ટેડ શાળાઓમાં પણ આરતીમાં સૌએ હાજર રહેવાનું, જેમાં ઓછામાં ઓછો એક કલાક બગડે છે. શું ગણેશજીની પ્રતિમા સ્થાપવાથી બોર્ડનું પરિણામ ઊંચું આવશે? ગણેશોત્સવ દરમિયાન એક મંડળના છપ્પનભોગ માટે રસ્તો વાળી દેવાય અને લોકો વાહનો લઈને સસ્તા મનોરંજન માટે ઉમટી પડે. બીજી તરફ અનેક પરિવારો શાંતિથી ઘરમાં ભક્તિ કરે છે. ગણેશજીના વિસર્જન પછી માતાજીની સવારી, ડીજે અને ત્યાર બાદ દિવાળીના ધમાકા! ઉત્સવ આનંદ માટે છે, પરંતુ તેમાં માનવીની સલામતી અને સુખાકારીની પણ એટલી જ કાળજી હોવી જોઈએ.

**બારડોલી - વિરલ વ્યાસ**